**CC-૧૭૬૪૭–૨૦૨૫**

મે. સુરતના **15** મા અધિક સિવિલ જજ અને જે. એમ. એફ. સી. સાહેબ શ્રી ની કોર્ટમાં

ફરિયાદી – શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી – જયેશભાઈ નાગજીભાઈ ગોડલીયા, ઉ. વ. – ૪૫, રહે. ઘર નં. ૬૦૨, ક્રિસ્ટલ એવેન્યુ, શુકન વેલી પાસે, કઠોદરા, સુરત. મુળ વતન– સાજીયાવદ તા – અમરેલી, જી.અમરેલી.

ગુનો – બી.એન.એસ. ૨૮૧ મુજબ

૧. ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી આંક – 1 માં જણાવેલ સમયે અને તારીખે પોલીસ કમિશ્નર શ્રી, સુરતના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ, બી.એન.એસ. ૨૮૧ મુજબનો ગુનો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપીએ પ્રથમ તબક્કે કબુલાત પુરસિસ રજૂ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે તેમજ તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોઈ અજ્ઞાનતાથી ગુનો થયેલ હોય દયા દાખવવા રજૂઆત કરેલ છે.

૩. આ કેસની હકીકત ધ્યાને લેતા તેમજ આરોપી તરફે રજૂ થયેલ દલીલો અને સ્વૈચ્છિક કબૂલાતને પણ ધ્યાને રાખતા તથા આરોપી તરફે હવે પછી આવો ગુનો ન થાય તેની ખાત્રી આપેલ હોઈ તેમજ આરોપીને સુધરવાની તક મળી રહે તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – 275 અન્વયે ભારતીય ન્યાય સંહિતા ની કલમ–223 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ. ૨૦૦/– નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન – ૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ વાહનની માલિકીની ખરાઈ કરી મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તથા કોઈ ચીજવસ્તુ કે દસ્તાવેજો કબજે કરેલ હોય તો જ વ્યકિત પાસેથી મેળવેલ છે તેને પરત સોંપવા તથા અન્ય મુદ્દામાલનો નિયમઅનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. 08 માર્ચ, 2025 ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ – 08/03/2025

(પી.પી.કાલા)
(15 મા અધિક જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ) સુરત.
જી.જે.01761